

૨-બનાસકાંઠા લોકસભાની પેટા ચુંટણીનું મતદાન સુખરૂપ સંપન્ન થયા બાદ આવતી કાલે બુધવારે ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મત ગણતરી હાથ ધરાશે જેને લઈને તંત્ર સતેજ બની ગયું છે. ૨-બનાસકાંઠા લોકસભાની પેટા ચુંટણી માટેની મતદાન પ્રક્રિયા રવિવારે શાંતીપુર્ણ માહોલ વચ્ચે સંપન્ન થઈ હતી. જેમાં સૌથી ઓછું ૩૮.૬૯ ટકા જેટલુંનિરસ મતદાન થવા પામ્યું છે. જેના કારણે લોકસભા પેટા ચુંટણીના પરિણામને લઈ રહસ્ય વધુ ગુંચવાયું છે. અને હારજીતના તાળા વચ્ચે અવનવી અફવાઓ અને અટકળોથી છવાયેલી રાજકીય ઉત્તેજના બરકરાર રહેવા પામી છે. ત્યારે આવતી કાલે વહેલી સવારથી પાલનપુર અમદાવાદ હાઈવે સ્થીત જગાણા નજીક આવેલ સરકારી એન્જીનીયરીંગ કોલેજ ખાતે ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત અને સીસીટીવી કેમેરાની બાજ નજર વચ્ચે મત ગણત્રી હાથ ધરવામાં આવશે. આમ બનાસકાંઠા લોકસભા પેટા ચુંટણીનાં પ્રતિષ્ઠાનાંજંગ સમી આ ચુંટણીનાં પરિણામો જાણવા લોકોમાં ઉત્સુકતા જણાઈ રહી છે. જેની આતુરતાનો આવતી કાલે અંત આવશે.

# આજે પેટાચૂંટણીના પરિણામ

## લોકસભાની બે, વિધાનસભાની ૪ બેઠકોની પેટા ચૂંટણીમાં ઓછા મતદાન બાદ સસ્પેન્સ : બપોરે પરિણામો મળશે

ગાંધીનગર,તા. ૪

ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકોની પેટા ચૂંટણી માટે મતગણતરીની પ્રક્રિયા આવતીકાલે હાથ ધરવામાં આવશે. લોકસભાની બે અને વિધાનસભાની ચારે બેઠક ઉપર પેટા ચૂંટણીમાં ખૂબ ઓછું મતદાન નોંધાયા બાદ રાજકીય વર્તુળોમાં પરિણામને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસ બંને પોતપોતાની રીતે આશાવાદી છે પરંતુ વિશ્વસનીય સૂત્રોનું કહેવું છે કે લોકસભાની બંને અને વિધાનસભાની ચારે બેઠકો ઉપર જ્યાં હાલ ચૂંટણી યોજાઈ છે તે બેઠક ઉપર કોંગ્રેસનું વર્ચસ્વ છે પરંતુ આ છ બેઠકો પૈકી કેટલીક બેઠકો ઉફર ભાજપ જીત મેળવે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. જો કે ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસે પોતાની તમામ બેઠકો જાળવી રાખવાના તમામ પ્રયાસો કર્યા હતા. બંને પક્ષોની ઉદાસીનતાના પરિણામ સ્વરૂપે રવિવારના દિવસે યોજાયેલા મતદાનમાં ખૂબ ઓછા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદારોને મતદાન મથક ઉપર લાવવાના તમામ પ્રયાસ થયા હોવા છતાં ઓછા મતદાનથી ચૂંટણી પંચ પણ ચોંકી ઉઠ્યું હતું. ઈવીએમ મારફતે મતદાન કરવામાં આવ્યું હોવાથી તમામ પરિણામ બપોર સુધી મળી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

રાજ્ય વિધાનસભામાં ભાજપ પાસે હાલ ૧૧૫ બેઠકો છે જ્યારે કોંગ્રેસ ૫૭ બેઠકો ધરાવે છે. ગુજરાત પરિવર્તન પાર્ટી અને એનસીપી બે-બે બેઠક ધરાવે છે જ્યારે જેડીયુ અને અપક્ષો પાસે એક-એક બેઠક છે. ચૂંટણી પંચના આંકડા મુજબ સમગ્ર રાજ્યની કુલ છ બેઠકો માટે ૩૮૮૬ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતા. પેટા ચૂંટણીમાં ૩૩૬૪૮૧૧ મતદારો નોંધાયા હતા.

રવિવારે ચૂંટણી દરમિયાન લોકસભાની બનાસકાંઠા બેઠક ઉપર ૩૮ ટકાની આસપાસ મતદાન થયું હતું. જ્યારે પોરબંદર બેઠક ઉપર ૩૦ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. જ્યારે વિધાનસભાની ચાર બેઠકો માટે યોજાયેલી પેટાચુંટણીમાં લિંબડી બેઠક પર ૬૨.૫૦ ટકા, જેતપુરમાં ૪૫.૨૬ ટકા, મોરવાહડફમાં ૬૫ ટકા, ધોરાજીમાં ૩૦.૭૮ ટકા જેટલું મતદાન થયું હતું.

# કર્મચારીઓની નિવૃત્તિવય મર્યાદા ૬૨ વર્ષ કરવા રાજ્ય કર્મચારી મહામંડળની માંગ

## કેન્દ્ર સરકારના પગલે નિવૃત્તિ વય વધારવા કર્મચારી આલમમાં વધતી માંગણી

ગાંધીનગર, તા. ૪

રાજ્ય સરકારના કર્મચારીઓની વય મર્યાદા ૫૮ થી વધારી ૬૨ વર્ષ કરવાની માંગણી રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા કરવામાં આવી છે.

રાજ્ય કર્મચારી મહામંડળના પ્રમુખ વિષ્ણુ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે કેન્દ્ર સરકારે તેમના કર્મચારીઓની નવિૃત્તિ વય મર્યાદા ૬૦ વર્ષથી વધારી ૬૨ વર્ષ કરી છે જ્યારે કેન્દ્રમાં એન.ડી.એ. સરકાર હતી અને તેના વડાપ્રધાન પદે અટલ બિહારી વાજપેયી હતા ત્યારે ત્વરિત નિર્ણય લઈ કર્મચારીઓની નિવૃત્તી વય મર્યાદા ૫૮ વર્ષથી વધારી ૬૦ વર્ષ કરી હતી જે વર્તમાન કેન્દ્ર સરકારે નિવૃત્તી વય મર્યાદા ૬૦ વર્ષથી વધારી ૬૨ વર્ષ કરી છે ત્યારે ગુજરાત સરકારે એન.ડી.એ. સરકારનું ઉદાહરણ લઈ હાલની કર્મચારીઓની દર વર્ષે ઘટતી જતી સંખ્યાને ધ્યાને લઈ ત્વરિત નિવૃત્તિ વય મર્યાદા ૫૮ વર્ષથી વધારી ૬૨ વર્ષ કરવી જોઈએ.

તેમણે જણાવ્યું છે કે હાલમાં દર વર્ષે ૧૫ હજારથી પણ વધુ કર્મચારીઓ નિવૃત્ત થઈ રહેલ છે ત્યારે ગુજરાતના વિકાસમાં પણ કર્મચારીઓ અગત્યનો ભાગ છે ત્યારે સરકારે પણ કર્મચારીઓની કદર કરવી જોઈએ.

# પ્રાંતિજના સ્વામીનારાયણ મંદિરનો ૧૨૬મો વાર્ષિક પાટોત્સવ ઉજવાશે

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ શહેરના બજાર ચોકમાં આવેલ સ્વામીનારાયણ ખાતે આગામી તા. ૧૦મી જૂનના રોજ સ્વામીનારાયણ મંદિરનો ૧૨૬મો વાર્ષિક પાટોત્સવ ભારે ધામધૂમથી ઉજવાશે.

પ્રાંતિજ શહેરના મુખ્ય બજાર ચોક વિસ્તારમાં આવેલ સ્વામીનારાયમ મંદિરના મહંત સ્વામી માધવપ્રસાદદાસજીની પ્રેરણાથી આ ધાર્મિક મહોત્સવ ઉજવાશે. પ્રાંતિજ મંદિરમાં બિરાજમાન શ્રી ધર્મ ભક્તિ હરિકૃષ્ણ મહારાજનો ૧૨૬મો વાર્ષિક પાટોત્સવમાં અમદાવાદ જેતલપુર, ગાંધીનગર, લાબોડા, ઈડર, ટોરડા, સાંપાવાડા, હિંમતનગર વગેરે સ્થળોએથી મોટી સંખ્યામાં સંતો મહંતો પધારશે અને પોતાની વાણી તથા દર્શનનો લાભ આપશે. ઉપરાંત આ ધાર્મિક પ્રસંગે ધૂન, અભિષેક, આશીર્વચન, અન્નકુટ દર્શન, આરતી, મહાપ્રસાદ વગેરેનું પણ આયોજન કરવામાં આવશે. આ પ્રસંગના યજમાન દશરથલાલ નાથાલાલ મોદી છે. તેમ આયોજકોએ જણાવ્યું હતું.

# લીંબડીમાં કરા સાથે વરસાદ : પ્રિમોન્સુન એક્ટિવિટી

## ખેડબ્રહ્મા, વલસાડ, સેલવાસ, જામનગર, ધ્રોલ, જોડીયા, રાજકોટ, મોરબીમાં વરસાદ પડ્યો

અમદાવાદ,તા. ૪

મોનસૂનની એન્ટ્રી થાય તે પહેલા જ રાજ્યના ઘણા ભાગોમાં વરસાદ થયો છે જેથી મોનસૂનની એન્ટ્રીના સંકેત દેખાઈ રહ્યા છે. કેરળમાં સમયસર મોનસૂનની એન્ટ્રી થયા બાદ પખવાડીયામાં હવે ગુજરાતમાં પણ વરસાદ આવી શકે છે. રાજ્યમાં આજે પણ ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. સાબરકાંઠાના ખેડબ્રહ્મા, સુરેન્દ્રનગર, વલસાડ, સેલવાસ, જામનગર, ધ્રોલ, જોડીયા, રાજકોટ, મોરબી અને ટંકારામાં વરસાદ પડતા લોકોએ રાહત અનુભવી હતી. સુરેન્દ્રનગરના લીંબડીના ગ્રામ્ય વિસ્તારમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. જોકે બાકીના વિસ્તારોમાં ગરમીની સાથે ઉકળાત ચાલુ રહેતા લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી વલ્લભ વિદ્યાનગરમાં ૪૧.૬ ડિગ્રી નોંધાઈ હતી. રાજ્યમાં આજે ખેડબ્રહ્માના પોશીનામાં તીવ્ર પવન સાથે વરસાદ પડ્યો હતો. ભારે પવનથી ઘણા વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. જ્યારે સુરેન્દ્રનગરના લીંબડીના ગ્રામ્ય વિસ્તારોમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત વલસાડ, સેલવાસ, જામનગર, ધ્રોલ, જોડીયા, રાજકોટ, મોરબી અને ટંકારામાં વરસાદ પડતા લોકોએ રાહત અનુભવી હતી. હવામાનની આગાહી છે કે રાજ્યના તમામ જિલ્લામાં કેટલાક જગ્યાઓએ વરસાદી ઝાપટા અને ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે. સૌરાષ્ટ્ર, દિવદમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદી માહોલ રહી શકે છે. જો કે રાજ્યના બાકીના વિસ્તારોમાં ગરમીની સાથે ભારે ઉકળાટ હોવાથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. સૌરાષ્ટ્રમાં ગત પહેલીએ વરસાદ પડ્યા બાદ આજે ફરીથી વરસાદ પડતાં બાળકો સહિત લોકો આનંદથી ઝુમી ઉઠ્યા હતા. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને સાંજે કે રાત્રે વરસાદનું ઝાપટુ પડી શકે છે. મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીથી આસપાસ નોંધાશે. રાજ્યમાં તમામ જિલ્લા, સૌરાષ્ટ્ર, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં છુટાછવાટ સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડશે.

# આ વર્ષે ચોમાસું ૯૮ ટકા રહેશે : અંબારામ પટેલ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલ કહે છે કે આ વર્ષે ચોમાસુ ૯૮ ટકા જેટલું રહે જયારે પાક પેદાશની દૃષ્ટએ આઠથી દસ આની અને કોઈ ભાગોમાં તેનાથી સારું રહેવાની ધારણા છે.

હાલમાં ચોમાસુ વહેલું આવવાનો અણસાર છે. ત્યારે આવનાર ચોમાસાની ગતિવિધિ કેવી રહેશે તે અંગે ભૂભૌગોલિક ગ્રહ નક્ષત્ર તેમજ અન્ય આધારે અણસાર જોતા વનસ્પતિના વૃધ્ધિના લક્ષણો જોતા, ચોમાસુ વહેલું આવે તેવા સંકેતો મળી રહ્યા છે. પરંતુ હજુ નિરનિરંતર ચોમાસાની ગતિવિધીના લક્ષણો જણાતા નથી. હવાનું દબાણ, ભેજ, પવનો, વાદળોની ગતિવિધિ વગેરે બાબતો વન અને આંધી સાથેના ભારે વરસાદના સંકેત કરતા હોવા છતાં વાદળોના ઢગથી રાજયના સાર્વત્રિક ભાગોમાં ચોમાસું બેસી જાય તેવા ચિહ્નો નથી.

જળયોનીના જીવોની ગતિવિધિ, પશુ-પક્ષીની ચેષ્ટા, પદાર્થ, પાણી, હવાના લક્ષણો પણ ભારે ભેજ લઈને આવતા વાદળોની પૃષ્ટિ કરતા નથી. એટલે હાલમાં આવતું ચોમાસું પવન તથા ગાજવીજ સાથે જુન તા. ૧૭ સુધીમાં અલગ અળગ ભૂ ભાગોમાં વરસાદ લાવે. કોઈ ભાગમાં ભારે તો કોઈ ભાગમાં ઓછા વરસાદની વકી રહે.

જૂન તા. ૮ થી મૃગશીર્ષ નક્ષત્રમાં સૂર્ય આવતા હીંદ મહાસાગરમાં સમયવાદી પવનની નિશાનીઓ બદલાશે. હીંદ મહાસાગરના પૂર્વ કાંઠે ભારે પવન ફુંકાય, ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં પણ તેજ પવન ફુંકાય.

હમણાં રોહિણી નક્ષત્રના સુર્યમાં રાજયના ઘણા ભાગમાં હળવા વરસાદી ઝાપટા, કરા સાથેનો વરસાદ તેમજ ઘણા ભાગોમાં ભારે વરસાદ થવામાં છે જયારે દેશના ઉત્તર-મધ્ય ભાગમાં વરસાદના વાવડ જણાતા નથી. આથી તા. ૪ થી ૫-૬માં ઉ. ગુજરાતના ભાગો, અમદાવાદ, ગાંધીનગર તેમજ રાજયના મધ્ય ભાગોમાં પણ રોહિણી નક્ષત્રના વરસાદની વકી રહેશે. જુન તા. ૮ થી ૧૧માં આંધી પવનનું જોર રહે જેના લીધે વરસાદી વહન ખંડ-ખંડ થઈ જવાની વકી રહે. તા. ૧૨ સુધીમાં મુંબઈ-મહારાષ્ટ્રના ભાગોમાં પણ વરસાદની વકી રહે. ગુજરાત સૌરાષ્ટ્રના દરિયાકિનારે ભારે પવન ફુંકાવાની સાથે સાથે કોઈ કોઈ ભાગોમાં ભારે વરસાદની ધારણા રહે. ભારે તેજ પવન-ચોમાસું ગતિવિધિને પૃથક કરે તેવા સંજોગો જણાય છે.

# તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

પાલનપુર, તા. ૪

શ્રી સત્તાવીશી ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ યુવા ગૃપ, પાલનપુર ધ્વારા વર્ષઃ૨૦૧૨-૨૦૧૩ના ધોરણ-૧થી ૧૦માં ૭૦ ટકાથી વધુ માર્કસ તથા ધો-૧૧થી ૧૨માં ૬૦ટકાથી વધુ માર્કસ મેળવનાર દરેક ધોરણમાં પ્રથમ ત્રણ સ્થાન પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ આગામી તા.૩૦-૬-૧૩ નો રવિવારના રોજ સમાજઘરમાં યોજાશે. જે માટે ઉપર મુજબની ટકાવારી ધરાવતા બાળકોના વાલીઓએ તા.૧૫-૬-૧૩ સુધીમાં માર્કશીટની પ્રમાણિત ઝેરોક્ષ નકલ મનોજ.બી રાવલ, કોયલ કલોથ સેન્ટર, બેચરપુરા, પાલનપુરને અથવા તો યુવા ગૃપના કોઈપણ સભ્યનો સંપર્ક કરી મોકલી આપવા યુવા ગૃપના કન્વીનર ભાવેશ રાવલ અને સહકન્વીનર સુનિલ જોશીએ એક અખબારીયાદીમાં જણાવ્યું છે.




ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ પરીક્ષાઓના પરિણામો જાહેર થતાની સાથેજ હવે શાળા કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયાનાં મુદ્દે વિદ્યાર્થીઓનો ભારે ધસારો વર્તાવા લાગ્યો છે. જેમાં આજરોજ પાલનપુર હાઈવે સ્થીત જી.ડી. મોદી વિદ્યા સંકુલ ખાતે આવેલ સાયન્સ ફેકલ્ટીમાં એફ.વાય.બી. એસ.સી.માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓની સંખ્યા એકંદરે વધી જવા પામી હતી. જેની સામે ફોર્મ મર્યાદિત પ્રમાણમાં હતા. જેને લઈને અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આ અંગે વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા છતા અમને પ્રવેશ ફોર્મ મળી શક્યું ન હતુ. આમ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે પ્રવેશની ભાગદોડ વચ્ચે અમારો સમય ન બગડે તેની તકેદારી લેવામાં આવે તેવી રજુઆત કરી હતી. આ અંગે કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ મહેશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે પ્રવેશ પ્રક્રિયાને લઈને વિદ્યાર્થીઓનો ભારે ધસારો વર્તાયો છે. જેમાં એફ.વાય.બી.એસ.સી.નાં ૪૫૦ ફોર્મની સામે વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાથી આ પ્રશ્ન ઉદભવ્યો હતો. પરંતુ વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે તકેદારી રૂપી તમામ વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે.

# વિશ્વ પર્યાવરણ દિવસની આજે વિધિવત ઉજવણી

અમદાવાદ, તા.૪

પર્યાવરણને આપણે જીવનના પોષક, રક્ષક અને સંવર્ધક તરીકે ઓળખી તેનું જતન કરીએ એમ વિશ્વ પર્યાવરણ દિન તા. ૫ જૂન, ૨૦૧૩ નિમિત્તે આપેલા સંદેશામાં વનમંત્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું છે. વિશ્વ પર્યાવરણ દિનની પૂર્વ સંધ્યાએ આપેલા સંદેશામાં વનમંત્રીએ કહ્યું હતું કે વર્ષ ૧૯૭૨થી ૫મી જૂનનો દિવસ વૈશ્વિક પર્યાવરણની સુરક્ષા અને લોકજાગૃતિ માટે વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે. પર્યાવરણને આપણે જીવનના પોષક, રક્ષક અને સંવર્ધક તરીકે ઓળખી શકીએ એટલા માટે જીવન અને સંસ્કૃતિની રક્ષા માટે પર્યાવરણની જાળવણી ખૂબ જ મહત્વની બની છે. આપણે સૌ સાથે મળીને પર્યાવરણનું જતન કરીએ.

# શબ્દાવલી - ૫૦૮૦



### આડી ચાવી

૧. ઉપજ (૩)
૩. સૂરજ ઉગે તે દિશાનું (૪)
૬. ફરતા રામ (૫)
૭. શ્રીદેવી-જયાપ્રદાના નામ મિશ્રિત એક અભિનેત્રી (૩)
૯. બિમારી (૨)
૧૧. ટાલવાળુ (૨)
૧૨. ઈચ્છા, અપેક્ષા (૨)
૧૩. પાર્વતી, અપેક્ષા (૨)
૧૫. રંગ, વર્ણ (૨)
૧૬. એક વાદ્ય, મદારી વગાડે તે (૨)
૧૭. ગૃહકાર્ય (૪)
૧૯. આપવા - જવાની ક્રિયા (૫)
૨૦. જાગૃત (૩)
૨૧. નાગની માદા (૩)

### ઊભી ચાવી

૧. આશરા વિનાનું (૪)
૨. એક ફળ (૪)
૩. નકલ કરવી (૩)
૪. ગ્રાહક, ઘરાક (૩)
૫. નાના બાળકને પટાવવા મુઠ્ઠી બતાવી લે... આપું કહેવાય (૨)
૮. વાનગી (૪)
૧૦. સહેલું, સરળ (૩)
૧૨. 'આવગમન' શબ્દ આડોઅવળો (૫)
૧૩. રઘવાટ (૩)
૧૪. વાટ, રસ્તો (૩)
૧૬. સ્વતંત્ર મિજાજનું (૩)
૧૮. મનો..., ઈચ્છા (૩)
૧૯. અગ્નિ (૨)

### શબ્દાવલી ૫૦૭૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિવશ (૩) વાતડ (૫) તન (૬) કપલ (૮) શપથ (૯) તરૂ (૧૦) ગલીકૂંચી (૧૨) રોક (૧૩) ખત (૧૪) ફરાર (૧૭) લાપોટા (૨૦) રજા (૨૧) દેન (૨૩) નીયત (૨૫) શરમ (૨૬) ફોકટ

**ઊભી ચાવી :-** (૧) વિતરાગ (૨) વન (૩) વાલ (૪) ડમરૂ (૬) કપચી (૭) પથ (૮) શંકુતલા (૯) તકરાર (૧૧) લીખ (૧૨) રોફ (૧૫) રજાઈ (૧૬) આદેશ (૧૮) પોની (૧૯) ટાયફો (૨૨) નર (૨૪) તક

# પાટણ રોજગાર કચેરી દ્વારા તાલુકા કક્ષાએ નોંધણી કેમ્પનું આયોજન

પાટણ, તા.૪

પાટણ જિલ્લાના દુર દુરના વિસ્તારોમાં રહેતા બેરોજગાર ઉમેદવારોને નામ નોંધણી, રીન્યુઅલ, વ્યવસાય માર્ગદર્શન વિગેરે સેવાઓ તેમના તાલુકામાં મળી રહે તે માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પાટણ દ્વારા કાર્યક્રમ ગોઠવીને સેવાઓ પુરી પાડવામાં આવશે.

જૂન-૨૦૧૩ માસની ૬ટ્ઠી તારીખે તાલુકા પંચાયત કચેરી, હારીજ ખાતે, ૧૦ મી તારીખે ગ્રામ પંચાયત, સમી ખાતે, ૧૨ મી તારીખે તાલુકા પંચાયત, સિધ્ધપુર ખાતે, ૧૪ મી તારીખે તાલુકા પંચાયત કચેરી, ચાણસ્મા ખાતે, ૧૭મી તારીખે ગ્રામ પંચાયત કચેરી, સાંતલપુર, ૨૪મી તારીખે તાલુકા પંચાયત કચેરી, રાધનપુર અને ૨૯મી તારીખે ગ્રામ પંચાયત કચેરી, વારાહી ખાતે બેરોજગારો માટે નોંધણી કેમ્પ રાખવામાં આવશે.

નિયત કરેલ તારીખોએ જો જાહેર રજા આવતી હોય તો પછીના ચાલુ દિવસે નામ નોંધણી માટે આવનાર ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાતના તમામ અસલ -માણપત્રો અને અનામતમાં આવતા હોય તેવા ઉમેદવારોએ સક્ષમ અધિકારીશ્રીનો જાતિ અંગેનો દાખલો તેમજ -માણપત્રની -માણિત કરેલ ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ સાથે લાવવાના રહેશે.

## લીમડાના વૃક્ષો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૂર-રોષ સાથે પ્રગટી રહ્યો છે પરંતુ શહેરમાં હાલની સ્થિતિએ પ્રતિ હેક્ટર ૧૬૩ વૃક્ષો હોવાનો અંદાજ છે. શહેરમાં ૨૩ સે.મી. ઉપરના અલબત્ મોટા વૃક્ષોની સંખ્યા ૮.૯૦ લાખ જેટલી છે. જયારે પૈકી લીમડાના વૃક્ષો શહેરમાં સૌથી વધુ છે. નગરમાં ૧.૭૩ લાખ લીમડાના વૃક્ષો અસ્તિત્વ ધરાવે છે. સ્વાદે કડવા અને સ્વભાવે ગુણકારી લીમડાના વૃક્ષોના લીધે આકરી ગરમીમાં આકાશમાંથી વરસતા સૂર્યના તેજ કિરણોની અસર પણ મંદ પડી જાય છે. લીમડા ઉપરાંત ગરમાળાના વૃક્ષોની સંખ્યા પણ ૮૫ હજાર છે. જયારે ઈઝરાયેલી બાવળ ૭૮ હજાર, કાશીરના વૃક્ષો ૪૦ હજાર દેશી બાવળના વૃક્ષોની સંખ્યા ૬૫ હજાર તેમજ નદી વિસ્તાર સહિત ગાંડા બાવળના ૮૦ હજાર વૃક્ષો છે જયારે આસોપાલવ ૨૨ હજાર અને આમળાના ૧૬ હજાર વૃક્ષોની હરિયાળીથી શહેર મહેંકે છે. વાંસના જુથ પણ ૩૧ હજાર જેટલા છે.

## આવાસ બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકાર દ્વારા આ મકાનો નિકાલ હેઠળના જાહેર કરાયા હતા. પરંતુ ૭ વર્ષના લાંબા સમયગાળા સુધી નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનો નિર્ણય ન લેવાતા હજુ પણ આ મકાનો યથાવત સ્થિતિમાં છે. જયારે થોડા સમય અગાઉ જ આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂ થયેલા પ્રેઝન્ટેશનના અંતે મળેલી બેઠક બાદ આ મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાતા શહેરમાં હાલની સ્થિતિએ સ્થિત ૧૬૦૦ જેટલા સરકારી આવાસોનો કડુસલો બોલાવવા તંત્ર ટૂંક સમયમાં તબક્કાવાર કામગીરી હાથ ધરશે. બીજી તરફ નિકાલ હેઠળના આવાસો તોડી પડાયા બાદ તેની જગ્યાએ નવા આવાસો બાંધવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જેમાં હાલ સ્થિત જૂની પેટર્નના ગ્રાઉન્ડ પ્લસ બે મજલાના બ્લોકના બદલે ત્રણ કે તેથી વધુ મજલાના નવા બ્લોક બાંધવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જેના પરિણામે સરકારની જગ્યાનો ઉપયોગ પણ ઓછો થશે


## પ્રાથમિક જાહેરનામું

જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ | કેસ નંબર |
|---|---|---|---|---|
| ૧ | પાટણ | સમી | પાલીપુર | ૪૩/૨૦૧૩ |

| ક્રમ | ક્રમાંક | કેસ નંબર | મંજુર કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | ખજસ/કલમ-૪/એ-૧ | ૪૩/૨૦૧૩ | ૩૦/૫/૧૩ |

નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (નર્મદા યોજના) પાટણ-૧ને જમીન સંપાદન ધારાની કલમ-૫૨ (એ) અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે એમ લાગે છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ હસ્તકની નર્મદા યોજનાની સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તકની નર્મદા યોજનાની હારીજ સબ બ્રાન્ચ કેનાલ, કુકરાણા, ડીસ્ટ્રીબ્યુટરી, પાલીપુર માઈનોરના કામથી બાંધકામના કારણોસર જાહેર હેતુ માટે જરૂરી પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લા)ની કલમ-૪ની જોગવાઈઓ હેઠલ આથી જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

૨. સદરબુ જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયર કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહીં. આ જાહેરનામાની તારીખ પછી નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, (નર્મદા યોજના) એકમ-૧, પાટણની મંજુરી વિના, વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા અન્યથા સદરહુ જમીનોના નિકાલ માટેનો અથવા તેમાં ખર્ચ કરવા માટેનો અથવા સુધારા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતાં અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૪ (સાત) હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

૩. ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત હેતુઓ માટે જરૂરી છે. તો સદરહુ અધિનિયમની કલમ-૬ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પુર્ણતઃ જતું કર્યું હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૪. તા. ૨૬/૮/૨૦૧૦ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક -ધમ/૧૦/૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ-૧. સાથે વાંચતા જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ની કલમ-૩ના ખંડ (ગ) હેઠળ સરકારશ્રીએ સદરહુ જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમની કલમ-૫ (ક) હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (નર્મદા યોજના) એકમ-૧, દેવદર્શન કોમ્પલેક્ષ, બીજો માળ, પાલિકા બજારની સામે, કોલેજ રોડ, પાટણને નીમેલ છે.

### અનુસુચિ

જિલ્લો : પાટણ તાલુકો : સમી ગામ : પાલીપુર કેસ નંબર : ૪૩/૨૦૧૩

સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હસ્તકની નર્મદા યોજનાની સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તકની નર્મદા યોજનાની હારીજ સબ બ્રાન્ચ કેનાલ, કુકરાણા ડીસ્ટ્રીબ્યુટરી, પાલીપુર માઈનોરના બાંધકામ માટે.

| સર્વે નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી | સર્વે નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી |
|---|---|---|---|
| 124 P | 0.0865 | 124 P | 0.3226 |
| 124 P | 0.0980 | 124 P | 0.0456 |
| 124 P | 0.2434 | Total-5 | 0.7961 |

સહી/-
(પી. આર. જોષી)
નાયબ કલેક્ટર અને
ખાસ જમીન સંપાદન અધિકારી
(નર્મદા યોજના), એકમ-૧, પાટણ

નામાનિ/પાટણ/૧૦૮/૨૦૧૩-૧૪